સરકારી કુમાર છાત્રાલય,આદિપુર, ગાંધીધામ,
જિ.કચ્છના મકાન બાંધકામને સુધારેલ
અંદાજોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૦૧૪/૨૬૩૨૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮/૫/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.વિભાગના તા.૧૪-૧૨-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ-છતલ-૧૦૧૪-૨૬૩૨૪- ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૨૯-૧૦-૨૦૧૬ના પત્ર ક્રમાંક- ડીજી/ ૬૫/ ૨૦૧૬/ ૧૨૧૩/૧૨૧૩/૪૯૪૪/૪૯૪૪/ન.

ઠ રા વઃ-

રાજયમાં યુનિવર્સીટીના વડા મથકે અનુ.જાતિ/અનુ.જન જાતિ/ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી અનુ.જાતિ/અનુ.જન જાતિ/ વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ કુમાર રહી શકે તેવી સુવિધા યુકત મકાન તેમજ છાત્રાલયના સ્ટાફ કવાટર્સ સહિત બનાવવા સરકારી કુમાર છાત્રાલય, આદિપુર, ગાંધીધામ, જિ.કચ્છના મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૧૫-૧૬ માટે વંચાણે લીધાં ક્રમ-૧ પરના તા.૧૪/૧૨/૨૦૧૫ના ઠરાવથી રૂ.૨૦૦/૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધાં ક્રમ-૨ પરના માર્ગ અને મકાન વિભાગના તા.૨૯-૧૦-૨૦૧૬ના પત્રથી રૂ.૮૨૯.૨૯ લાખના અંદાજની સુધારેલ વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં સરકારી કુમાર છાત્રાલય, આદિપુર, ગાંધીધામ, જિ.કચ્છના મકાન બાંધકામ માટે કોઇ જોગવાઇ કરાયેલ નથી. આથી આ કામ માટે જરૂરિયાત મુજબની વધારાની રકમની જોગવાઇ વર્ષ ૨૦૧૭-૧૮ના સુધારેલ અંદાજપત્રમાં કરાવી લેવાની રહેશે. તે શરતે માર્ગ અને મકાન

વિભાગએ સૂચવ્યા મુજબનાં વર્ષ ૨૦૧૫-૧૬નાં **S.O.R** મુજબનાં સુધારેલ અંદાજોની રકમ રૂ.૮૨૯.૨૯ લાખ (અંકે રૂપિયા આઠ કરોડ ઓગણત્રીસ લાખા ઓગણત્રીસ હજાર પુરા) ની તા.૧૪/૧૨/૨૦૧૫ના સરખાં ક્રમાંકના ઠરાવની મૂળ વહીવટી મંજુરીના હુકમમાં દર્શાવેલ શરતોને આધીન આથી સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૦૩-૦૫-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.કચ્છ
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.કચ્છ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.કચ્છ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.કચ્છ
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.